રાજ્યમાં "ટ્રાફિક સલાહકાર સમિતિ"માં
બિન-સરકારી સભ્યોના કાર્યકાળ નક્કી
કરવા બાબત

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક:ટફક/૧૦૨૦૨૧/૫૨૦૮૧૬/ટ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૯/૦૭/૨૦૨૨

વંચાણે લીધા: (૧) ગૃહ વિભાગનો તા.૨૨/૦૩/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૯૪/૮૭૦/વ
(૨) ગૃહ વિભાગનો તા.૧૯/૦૪/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૯૭/ધાસ-૪/વ
(૩) ગૃહ વિભાગનો તા.૩૦/૦૯/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક: ટફક/૧૦૯૭/ધાસ-૪/વ

પ્રસ્તાવના:

રાજ્યમાં ટ્રાફિક સમસ્યાઓના નિવારણ માટે ભલામણો મેળવવા વંચાણે લીધા ક્રમાંક(૧) સામે દર્શાવેલ તા.૨૨/૦૩/૧૯૯૪ના ઠરાવથી દરેક જિલ્લામાં કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને અને પોલીસ કમિશ્નરેટ વિસ્તારોમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષ સ્થાને "ટ્રાફિક સલાહકાર સમિતિ"ની રચના કરવામાં આવેલ છે.

ત્યારબાદ વંચાણે લીધા ક્રમ(૨) સામે દર્શાવેલ તા.૧૯/૦૪/૧૯૯૭ના ઠરાવથી આ સમિતિને વધુ અસરકારક બનાવવા અને સ્થાનિક પ્રશ્નોનો સ્થાનિક કક્ષાએ જ ઉકેલ આવે તેવા હેતુથી આ સમિતિમાં લોકોના પ્રતિનિધિઓ એટલે કે જિલ્લાના સંસદસભ્યશ્રીઓ તેમજ ધારાસભ્યશ્રીઓનો આ સમિતિમાં સમાવેશ કરવામાં આવેલ.

વંચાણે લીધા ક્રમ(૩) સામે દર્શાવેલ તા.૩૦/૦૯/૧૯૯૭નો ઠરાવથી રાજ્યના મોટા શહેરોમાં વસ્તી અને વાહનોની સંખ્યા ખૂબ જ મોટા પ્રમાણમાં હોવાથી ટ્રાફિક સમસ્યા વધુ ગંભીર હોવાથી રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ શહેર ખાતેની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે આ ૦૪ કમિશ્નરેટ વિસ્તારો માટે પોલીસ કમિશ્નરશ્રીના અધ્યક્ષ સ્થાને અલગથી "ટ્રાફિક સલાહકાર સમિતિ"ની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ. આમ રાજ્યમાં ૦૪ કમિશ્નરેટ વિસ્તારો અને જિલ્લા કક્ષાની ૩૩ મળીને કુલ-૩૭ "ટ્રાફિક સલાહકાર સમિતિ" રચવામાં આવેલ છે. તેમજ આ પ્રત્યેક સમિતિમાં ૦૨(બે) મહિલાઓ સહિત કુલ ૦૫(પાંચ) બિન-સરકારી સભ્યોની સરકારશ્રી દ્વારા નિમણૂક કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

રાજ્યમાં ટ્રાફિક સમસ્યાઓના નિવારણ માટેના મુખ્ય ઉદ્દેશ સાથે રચવામાં આવેલ "ટ્રાફિક સલાહકાર સમિતિ"માં હાલમાં બિન-સરકારી સભ્યોની નિમણૂકની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ, તેઓના કાર્યકાળ નક્કી થયેલ ન હોવાથી આ સમિતિમાં બિન-સરકારી સભ્યોની નિમણૂકની મુદ્દત નક્કી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે રાજ્યમાં ટ્રાફિક સમસ્યાઓના નિવારણ માટેના મુખ્ય ઉદ્દેશ સાથે રચવામાં આવેલ રાજ્યના ૦૪ કમિશ્નરેટ વિસ્તારો અને જિલ્લા કક્ષાની ૩૩ મળીને કુલ-૩૭ "ટ્રાફિક સલાહકાર સમિતિ"માં

નિયુક્ત કરવામાં આવતા બિન-સરકારી સભ્યોનો કાર્યકાળ "તેઓની નિમણૂક થયેથી ૦૨(બે) વર્ષ અથવા સરકારશ્રીના અન્ય હુકમો થાય ત્યાં સુધી બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી" નક્કી કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ઉક્ત ત્રણેય ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર મળેલ સરકારશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૨ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેના નામે,

(અંકિતા મોદી)
સેક્શન અધિકારી
ગૃહ વિભાગ

**નકલ રવાના:**

૧. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૫. સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭. પોલીસ મહાનિરીક્ષકશ્રી, સ્ટેટ ટ્રાફિક શાખા, ગાંધીનગર
૮. નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૯. ગૃહ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાશ્રીઓ(ઇ-મેઇલ દ્વારા)
૧૦. રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટરશ્રીઓ(તેમના હસ્તકની "ટ્રાફિક સલાહકાર સમિતિ"ના તમામ બિન-સરકારી સભ્યોને પણ આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ) (ઇ-મેઇલ દ્વારા)
૧૧. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી(અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, જામનગર, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર) (ઇ-મેઇલ દ્વારા)
૧૨. પોલીસ કમિશ્નરશ્રી(અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેર) (તેમના હસ્તકની "ટ્રાફિક સલાહકાર સમિતિ"ના તમામ બિન-સરકારી સભ્યોને પણ આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ) (ઇ-મેઇલ દ્વારા)
૧૩. રાજ્યના તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ(તેમના હસ્તકની "ટ્રાફિક સલાહકાર સમિતિ"ના તમામ બિન-સરકારી સભ્યોને પણ આ ઠરાવની નકલ મોકલી આપવાની વિનંતી સહ) (ઇ-મેઇલ દ્વારા)
૧૪. સેક્શન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(ઇ-મેઇલ દ્વારા)
૧૫. નાયબ સેક્શન અધિકારી/શાખા સિલેક્ટ ફાઇલ